મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૪ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરમાં આઝાદીના અમૃત પર્વની રંગારંગ ઉજવણી

## શહેરની વિવિધ શાળા-કોલેજો-સામાજિક સંસ્થાઓ, સોસાયટીઓમાં ૧૫મી ઓગસ્ટની ભવ્ય ઉજવણી થકી શહેર આખુંય દેશભક્તિમય બન્યું

ગાંધીનગર તા.૧૬

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તા.૧૫મી ઓગસ્ટની ગાંધીનગરમાં ઉમંગ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શહેર આખુંય દેશભક્તિમાં તરબોળ થયું હતું. નાના બાળકોથી લઈ સિનીયર સીટીઝનો દ્વારા તિરંગાને સલામી આપવામાં આવી હતી. વિવિધ શાળા-કોલેજો અને સામાજિક સંસ્થાઓ તથા સોસાયટીઓમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો થકી ૧૫મી ઓગસ્ટની આ વર્ષે ઉજવણી કરવામાં આવી હતી.

### કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેળવણી મંડળ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેળવણી મંડળ સર્વ વિદ્યાલય દ્વારા ત્રણેય કેમ્પસમાં ૧૭૦ ફુટના ધ્વજદંડ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવીને નવો ઈતિહાસ સર્જ્યો હતો. કડી કેમ્પસ સે-૧૫, સેકટર-૨૩માં સ્થિત કેમ્પસમાં ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ઉંચાઈ ધરાવતાં ૧૭૦ ફુટના સ્તંભ ઉપર ૪૫ ફુટ લંબાઈ અને ૩૦ ફુટ પહોળાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ મંડળના ચેરમેન વલ્લભભાઈ એમ.પટેલના હસ્તે ત્રણેય પરિસરોમાં ફરકાવીને નવો ઈતિહાસ રચ્યો હતો. આ કાર્યક્રમમાં કેમ્પસમાં ફરજ બજાવતાં તમામ ૮૦૦ કર્મચારીઓને પોતાના નિવાસસ્થાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી રાષ્ટ્રધ્વજ એનાયત કરવામાં આવ્યો હતો.

### ડિવાઈન જુનિયર પ્રીસ્કુલ

સે-૫ અને સરગાસણની ડિવાઈન જુનિયર પ્રિ સ્કુલમાં ૧૫મી ઓગસ્ટની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી.

### એપોલો ઈન્ટરનેશનલ સ્કુલ

એપોલો ઈન્ટરનેશનલ સ્કુલમાં સ્વતંત્રતા દિવસ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. શાળાના ટ્રસ્ટી બિનાબા શંકરસિંહ રાણાની મુખ્ય મહેમાન પદે બાળકોએ નૃત્ય, ગીત, નાટક, યોગા, પીરામીડ, લેજીમ, ડમ્બેલ્સ વગેરે કાર્યક્રમ રજુ કર્યા હતા.

### રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ

સ્કુલના પટાંગણમાં દેશના ૭૬માં સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી કરી હતી. જેમાં મુખ્ય મહેમાન પદે ડેપ્યુટી કમાન્ડન્ટ ચંદ્રપ્રકાશ (બીએસએફ-ગાંધીનગર) શાળાના આચાર્ય ટ્રસ્ટી અનામિકા અંજારીયા, ટ્રસ્ટી પ્રણવ સોની, વાઈસ પ્રિન્સીપાલ દીપા નિષાદની ઉપસ્થિતી રહી હતી. ઘર ઘર તિરંગા અંતર્ગત બાળકોમાં રાષ્ટ્રધ્વજનું વિતરણ કર્યું હતું. શાળાના બાળકો દ્વારા સુંદર દેશભક્તિ ગીતો અને ડાન્સ પર્ફોમન્સની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

### સરસ્વતી વિદ્યાલય

સરસ્વતી વિદ્યાલયમાં ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં સે-૬ના વસાહતીઓ શાળાના પ્રમુખ પ્રદીપસિંહ બિહોલા, ભૂતપૂર્વ શિક્ષક ધર્મેશભાઈ ઠાકોર અને વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. શાળાના સમગ્ર શિક્ષણગણ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા. સે-૬ના વસાહતના વડીલ ભરતભાઈ પટેલના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીત ગાઈને તેમજ દેશભક્તિ ગીત ઉપર નૃત્ય કરીને દેશભક્તિની ભાવના જાગૃત કરી હતી. શિક્ષિકા પ્રિતીબેન અને હીનાબેનના માર્ગદર્શન હેઠળ નાના ભુલકાઓ દ્વારા તિરંગામાં રંગપૂરણી કરવામાં આવી હતી.

### સિધ્ધાર્થ લો કોલેજ ખાતે પણ શૌર્યગીતો અને ધ્વજવંદન સાથે રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૬

કોલેજના આચાર્ય ડો.દીલીપ એ.મેવાડાએ જણાવ્યું હતું કે ૧૫મી ઓગસ્ટની ઉજવણી કોલેજ ખાતે કરી હતી. જેમાં ધ્વજવંદન ઉપરાંત રાષ્ટ્રીય ગીત, શૌર્યગીત, દેશભક્તિના વકતવ્ય વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

### પ્રતાપસિંહજી હીન્દી વિદ્યાલય

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના પ્રાંગણમાં ૧૫મી ઓગસ્ટનું સુંદર આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં શાળાની બાળાઓએ પ્રાર્થનાગીત અને સ્વાગત નૃત્ય પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટી વાઘેલા અર્જુનસિંહે વિદ્યાર્થીઓને દેશની સ્વતંત્રતામાં યોગદાન આપનાર વિરપુરુષો વિશે પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી શોભનાબા, આચાર્ય રીશીકુમાર યાદવ, શાળાના શિક્ષિકા ઈન્ઝીલાખાન ધ્વજવંદન માટે ખાસ ઉપસ્થિત રહયા હતા અને મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહયા હતા.

### વેદ ઈન્ટરનેશનલ સ્કુલ

વેદ ઈન્ટરનેશનલ સ્કુલમાં ગુજરાત પોલીસે ૭૬માં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પોલીસ દળ જુથ-૧૨, ગાંધીનગર પરેડ માર્ચ પાસ્ટ સમારોહ, પરેડ સંચાલન પીઆઈ ડી.જી.ટુંડીયા તથા રાજય અનામલ પોલીસ દળ જુથ-૧૨ના અધિકારી જવાનો, પોલીસ બેન્ડ, જુથ-૧૨ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના ટ્રસ્ટીઓ, પ્રિન્સીપાલ તથા શિક્ષક ગણે ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો તો દેશભક્તિની ભાવના પણ જાગૃત થઈ હતી.

### રેડિયેન્ટ સ્કુલ ઓફ સાયન્સ

સરગાસણ સ્થિત રેડીયન્ટ સ્કુલમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્થાના પ્રમુખ આચાર્ય, એકેડેમિક ડાયરેકટર, ઉપાચાર્ય, સ્ટાફગણ, વિદ્યાર્થીઓ, વાલીઓ જોડાયા હતા. માજી સૈનિકના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ પી.એમ.વામજાએ સ્વાતંત્રય દિનની શુભકામનાઓ પાઠવી હતી.

### આર.એન.પટેલ પ્રાયમરી સ્કુલ

ધો.૧ અને ૨ ના બાળકોએ એકપાત્રીય અભિનય અને દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા. ભારતીય તટરક્ષક દળ તરફથી ધો.૭ અને ૮ના બાળકોને ધ્વજ વિતરણ કરવામાં આવ્યું હતું. ઓફીસર સુરેન્દ્રસિંહ રાણા અને જે.એસ.રાવત દ્વારા ધ્વજને ફરકાવવા અને તેનું સન્માન જાળવવા જેવી બાબતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય અને સ્ટાફમિત્રોએ તેમનો આભારસહ ગૌરવની લાગણી અનુભવી હતી.

### સહજાનંદ સ્કુલ ઓફ એચિવર-ચિલોડા

સહજાનંદ સ્કુલ ઓફ એચિવર-ચિલોડા ખાતે સ્વતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ અને બીજા સ્કુલના બાળકો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. તેમાં બાળકોએ ખુબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### આદર્શ નિવાસી શાળા સે-૮

શહેરમાં સે-૮ આદર્શ નિવાસી શાળા ખાતે ૭૬માં સ્વાતંત્રય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિક્ષણગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

### આરાધના વિદ્યાવિહાર

આઝાદીના અમૃત મહોત્સવના વર્ષની દેશમાં ભવ્ય ઉજવણી કરાઈ રહી છે ત્યારે આરાધના વિદ્યાવિહાર ખાતે ભારતના મુખ્ય રાષ્ટ્રીય પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વોર્ડ નં.૩ના કોર્પોરેટર સોનાલીબેન પટેલના હસ્તે ત્રિરંગાને ફરકાવી સલામી આપવામાં આવી હતી. શાળાના ચેરમેન રમણભાઈ પટેલે દેશસેવાની પ્રેરણા આપી હતી. કોર્પોરેટર દીપીકાબેન સોલંકી અને સામાજીક કાર્યકર સવજીભાઈ સોલંકીએ પણ હાજરી આપી હતી તથા અંગ્રેજી વિભાગના પ્રિન્સીપાલ સારગીબેન અને વિષ્ણુભાઈ પટેલ દ્વારા શ્રેષ્ઠ શિક્ષણ મેળવી આદર્શ ભારતીય નાગરિકના કર્તવ્યપાલનની સમજ આપી હતી. શાળાના વિવિધ વિભાગોમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દેશભક્તિ ગીત, ડાન્સ તથા વકતવ્ય દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની સુંદર રજુઆત કરી હતી. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. શાળના વ્યાયામ શિક્ષક ઉમેશકુમાર પ્રજાપતિએ ધ્વજરક્ષણ તરીકે તમામ જવાબદારી નિભાવી હતી. કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા અંગીરાબેન દ્વારા કરાયું હતું.

### જનશિક્ષણ સંસ્થાન

જનશિક્ષણ સંસ્થાન ગાંધીનગર દ્વારા ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૧૩થી ૧૫ ઓગસ્ટ દરમિયાન ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં જઈને તિરંગા યાત્રા, ઘર ઘર તિરંગા વિતરણ તથા ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અલગ અલગ વિભાગના અધિકારીઓ, મહાનુભાવો, જનશિક્ષણ સંસ્થાનના નિયામક હિનાબેન ચોકસી સ્ટાફ તથા રીસોર્સ પર્સન અને મોટી સંખ્યામાં લાભાર્થી ભાઈ બહેનો આ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન હીનાબેન ચોકસીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### ટેકવોન્ડો એસો. દ્વારા કલર બેલ્ટની પરીક્ષાનું આયોજન

ગાંધીનગર તા.૧૬

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ભારતના ૭૬માં સ્વતંત્ર દિવસની ઉજવણીના ભાગરૂપે હોટલ સુમન સીટી ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસો. દ્વારા દરેક કલર બેલ્ટના વિદ્યાર્થીઓની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ટેકનિકલ ડીરેકટર જતીન દવે દ્વારા પરીક્ષા લેવામાં આવી હતી અને ત્રીસથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત અને સ્પોર્ટસ ફીઝીયો. ડો.નિધિ લેકિનવાલા ઉપસ્થિત રહયા હતા. સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી અને સેક્રેટરી મિલાપ ટાટારિયાએ દરેક વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

### લિયો કલબ ઓફ ગાંધીનગર

લિયો કલબ ઓફ ગાંધીનગર દ્વારા સરકારી પ્રાથમિક શાળા સે-૨૦ ખાતે ધ્વજવંદન, તિરંગા રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં લિયો કલબના પ્રમુખ કરણ વિનોદ માનિકના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૬૦ જેટલા શાળાના વિદ્યાર્થીઓને બોલપેન તથા ચોકલેટનું વિતરણ કરવામા આવ્યું હતું. શાળાના પ્રિન્સીપાલ કૈલાસબેન ગામેતી તથા સ્ટાફ ટીચર દ્વારા સાથ સહકાર આપવામાં આવ્યો હતો.

### મધુર ડેરી ખાતે તિરંગા રેલી અને ધ્વજવંદન

ગાંધીનગર તા.૧૬

સમગ્ર ભારતમાં જયારે ૭૫મા આઝાદી મહોત્સવની ઉજવણી અંતર્ગત હર ઘર તિરંગા ફરકાવી દેશપ્રેમની ભાવના ઉજાગર કરવા સારૂ ૧૫મી ઓગસ્ટે જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (મધુર ડેરી) ગાંધીનગર દ્વારા નવા પ્લાન્ટ ટાટા ચોકડી સે-૨૬ સુધી ૫૧ મીટર લાંબા તિરંગા સાથે તિરંગા રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવેલ અને રેલીનું પ્રસ્થાન સંસ્થાના ચેરમેન દ્વારા કરાવાયું હતું. જેમાં અધ્યક્ષ રજનીભાઈ પટેલ, અતિથિ વિશેષ શંભુજી ઠાકોર, બીપીનભાઈ પટેલ, ગાંડાભાઈ ચૌધરી, ગાંધીનગર દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન ડો.શંકરસિંહ રાણા, મધુર કેરીયર એકેડમી સેમિનારના માર્ગદર્શન માટે આમંત્રિત મુખ્ય વકતા અશોકસિંહ પરમાર, ડો.અમીબેન ત્રિવેદી, ડેરીના બોર્ડ ઓફ ડીરેકટર, મેનેજીંગ ડીરેકટરો વગેરે ઉપસ્થિત રહયા હતા.

### ઈસીડીસી ટ્રસ્ટ દ્વારા વૃક્ષ વાવી ૧૫મી ઓગસ્ટની ઉજવણી

ગાંધીનગર તા.૧૬

આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે આઝાદી માટે બલિદાન આપનાર શહીદ ભગતસિંહની યાદમાં વડના વૃક્ષ વાવીને ખરા અર્થમાં શ્રધ્ધાંજલિ આપીને હંમેશા આપણી યાદોમાં અક્ષર્ય વૃક્ષના રૂપમાં જીવંત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહેન્દ્રભાઈ ત્રિવેદી, જીલુભા, ગોવિંદભાઈ આહીર, એન.પી.પટેલ, જયંતિભાઈ વઘાસીયા, અરવિંદભાઈ, ડો.અનિલભાઈ પટેલ, દશરથભાઈ પટેલ, જીતેન્દ્રભાઈ શર્મા, અતુલભાઈ રાવલ, જી.પી.પટેલ, શંભુભાઈ, પલકબેન દ્વારા પ્રકૃતિ પર્યાવરણના જતન માટે એક સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

### આરએસએસ દ્વારા સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૬

ભારતની આઝાદીના ૭૬માં પર્વ નિમિત્તે હેડગેવાર સ્મારક સેવા સમિતિ અંતર્ગત સ્વયંસેવક સંઘ-આરએસએસના સ્વયંસેવક ભાઈઓ બહેનો દ્વારા સે-૨૩ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ભારતીય કિસાન સંઘના સંગઠન મંત્રી ગજેન્દ્રસિંહના હસ્તે તિરંગો લહેરાવીને સલામી આપવામાં આવી હતી. ભારતીય કિસાનના અખિલ ભારતીય સહ સંગઠન મંત્રી ગજેન્દ્રસિંહે દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર શહીદોને વંદન કરીને સ્વતંત્રય પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે હર ઘર તિરંગા અભિયાને દેશભરમાં રાષ્ટ્રભક્તિની નવી મિશાલ જગાવી છે. આ અભિયાન થકી બાળકો, યુવાનો આ દેશ ભક્તિના સંસ્કારોનું સિંચન કર્યું છે. જે ભારતમાતાને પરમ વૈભવના શખિરે બિરાજમાન કરવામાં અગત્યની ભુમિકા ભજવશે. આ પ્રસંગે ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ ગુજરાત પ્રાંતના મહામંત્રી હસમુખભાઈ જોશી, સેવા સમિતિના ટ્રસ્ટી અને ગાંધીનગર સંઘ ચાલક શંકરભાઈ ચાવડા, હર્ષદભાઈ પટેલ સહિત અંદાજે ૧૬૬ સ્વયંસેવક ભાઈ-બહેનો અને બાળકોએ ઉપસ્થિત રહી ભારત માતાકી જય અને વંદે માતરમના નારાથી રાષ્ટ્રભક્તિમય વાતાવરણ બનાવી દીધું હતું.

### રેડક્રોસ સોસાયટી જિલ્લા શાખા દ્વારા રક્તદાન કેમ્પ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત રેડીટેન્ટ સ્કુલ ઓફ સાયન્સ ખાતે થેલેસેમિયાના દર્દીઓના લાભ માટે ૧૫મી ઓગસ્ટના રોજ રાજયને થેલેસેમિયામાંથી મુક્ત કરવાના શુભ આશયથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. સરગાસણના શિક્ષાપત્રી બિલ્ડર ગૃપ દ્વારા રક્તદાન કેમ્પમાં ૩૧ યુનિટ રક્ત એકત્ર કરી હતી. રેડક્રોસ બ્લડ બેન્ક દ્વારા લોહી એકત્રીત કરવાની સેવા આપવામાં આવી હતી. પ્રયાસ ટ્રસ્ટના જગદીશભાઈ અને હિંમતભાઈ, ચિરાગભાઈ જોશી અને રેડીયન્ટ સ્કુલ સ્ટાફ તથા વિપુલભાઈ ઠાકર અને જિલ્લા શાખાના શશિકાંત મોઢા, જોષીભાઈ ગોવિંદભાઈ આહીર, નિલેન્દુભાઈ વોરા, અશ્વિન દવેએ સેવાઓ આપી હતી તેમ અખબારી યાદીમાં જીલુભા ઘાંઘલે જણાવ્યું હતું.